



## ચિલોડા પગાર શાખા કેન્દ્ર પર શિક્ષક સેવા તાલીમનો પ્રારંભ

ગાંધીનગર જિલ્લાના ચિલોડા ખાતે પગાર શાખા કેન્દ્ર પર બ્લોકકક્ષાની શિક્ષકોની તાલીમ યોજાઈ છે. આ તાલીમમાં ધોરણ-૩ થી ૫ ના અમુક વિષયોની તાલીમનો પ્રારંભ કરાયો છે. આ તાલીમ તા. ૪ થી જુનથી તા. ૭ મી જુન સુધી ચાલનાર છે. ચિલોડા પે સેન્ટર પર યોજાયેલ આ તાલીમમાં કુલ ૨૩૧ શિક્ષકોને તાલીમ અપાઈ રહી છે. આ શિક્ષકો ચિલોડાની આજુબાજુની કસ્ટર શાખાઓ જેમાં ચિલોડા, શિહોલી મોટી, છાલા, દશેલા, દોલારાણા વાસણા વગેરે કેન્દ્રોની ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ ઉપરાંત આશ્રમ શાળાઓને પણ સમાવેશ કરાય છે. આ ઉપરાંત જિલ્લા પંચાયત હસ્તકની શાળાઓનો પણ સમાવેશ થાય છે. આ તાલીમમાં ધોરણ ૩ થી ૫ ના બદલાયેલા પાઠ્યપુસ્તકો પ્રમાણે નવા અભ્યાસક્રમની તાલીમ અપાઈ રહી છે. આ ઉપરાંત ધોરણ-૬ થી ૮ ના અપર પ્રાયમરીમાં ભાષા, ગણિત, વિજ્ઞાન અને સામાન્ય વિજ્ઞાન વિષયની તાલીમ પણ આપવામાં આવી રહી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આજ રોજ ગીર ફાઉન્ડેશન ઈન્દ્રોડા પાર્ક ખાતે ચિત્ર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૪

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે આજ રોજ તા. ૫-૬-૨૦૧૪ એ 'સ્વચ્છ ગાંધીનગર, હરિયાળુ ગાંધીનગર' અભિયાન હેઠળ શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેકટર કચેરી, ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગિર ફાઉન્ડેશન ઈન્દ્રોડા નેચર પાર્કના સંયુકત સહયોગથી આ સ્પર્ધા યોજવામાં આવી છે. ચિત્ર સ્પર્ધા ત્રણ કેટેગરીમાં યોજાશે. કેટેગરી-૧માં ધો-૧થી ૮, કેટેગરી-૨માં ધો-૯ થી ૧૦, કેટેગરી-૩માં ઉચ્ચતર માધ્યમિક અને ઉપરના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. દરેક કેટેગરીમાં વિજેતા બનનાર સ્પર્ધકને પ્રથમ ઈનામ રૂ. ૫૦૦૦, બીજું ઈનામ રૂ. ૨૫૦૦ અને ત્રીજું ઈનામ ૧૦૦૦ એનાયત કરાશે.

સ્પર્ધાના વિષયો છે, મારું શેહર સ્વચ્છ શહેર, પક્ષીઓની વાર્તા અને ગાંધીનગરમાં મને ગમતું હરિયાળું સ્થળ દરેક સ્પર્ધકને આયોજકો તરફથી એક ડ્રોઈંગ શીટ, પેન્સિલ, રબર, શાર્પનર, કલર સેટ આપવામાં આવશે ભાગ લેનાર સ્પર્ધક પોતાના કલર લઈને પણ આવી શકે છે. કાર્યક્રમ તા. ૫-૬-૨૦૧૪ના રોજ ગીર ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પાર્ક ગાંધીનગર ખાતે યોજાશે.

# આગામી ૨૦૧૭ સુધીમાં મારૂતી સુઝુકી પ્લાન્ટ શરૂ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૪

બહુચરાજી નજીક હાંસલપુર પાસે મારૂતી સુઝુકીનો પ્લાન્ટ આગામી વર્ષ ૨૦૧૭ સુધીમાં શરૂ થઈ જશે તેમ મારૂતી સુઝુકીના સી.ઈ.ઓ.એ એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્લાન્ટની સ્થાપના માટે રાજ્ય સરકાર સાથે કરવામાં આવેલા કરારો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

રાખવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાંસલપુર નજીક મારૂતી સુઝુકી દ્વારા સ્થાપવામાં આવનાર કાર ઉત્પાદન પ્લાન્ટનું નામ



જણાવ્યું હતું.

મારૂતી સુઝુકી કંપનીના સી.ઈ.ઓ. અને એમ.ડી. કંપનીના અધિકારીઓના ડીલીગેશન સાથે આજે ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની મુલાકાત લઈને એક બેઠક કરી હતી. જેમાં મારૂતીના પ્લાન્ટને લઈને ચર્ચાઓ કરવામાં આવી હોવાનું મનાય છે.

મુખ્યમંત્રીની મુલાકાત બાદ મારૂતી સુઝુકીના ડેલીગેશનની રાજ્યના નાણામંત્રી સૌરભભાઈ પટેલ અને રાજ્ય સરકારના અધિકારીઓ વચ્ચે

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કંપની સાથે સરકારે કરેલા કરારમાં કેટલાક સુધારાઓ કરવા અંગે રજુઆત કરાઈ હોવાનું જાણવા મળે છે. તેમજ કરારમાં નક્કી કરાયેલ રાહત ચાલુ જ રાખવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સરકાર સાથેની બેઠક કંપનીના અધિકારીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આગામી ૨૦૧૭ સુધીમાં પ્લાન્ટ કાર્યરત થઈ જશે અને વર્ષે અંદાજે ૨.૫ લાખ કારોડના ઉત્પાદનનો લક્ષ્યાંક

સુઝુકી મોટર ગુજરાત લીમીટેડ રાખવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત રાજ્યમાં વધુ એક કાર ઉત્પાદન કંપની અંદાજે રૂપિયા ચાર હજાર કરોડનું રોકાણ કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ સાણંદમાં ટાટા મોટર્સ દ્વારા નેનો કાર પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો છે. ત્યાર બાદ ફોર્ડ કંપની દ્વારા પણ પ્લાન્ટ નાંખવામાં આવ્યો છે. હવે હાંસલપુર ખાતે ત્રીજી મોટી કાર ઉત્પાદન કંપની મારૂતી સુઝુકી પણ પ્લાન્ટ સ્થાપી રહી છે.

## કુ. સલોની જોષી : ભટ્ટ મેવાડા જ્ઞાતિનું ગૌરવ

ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીની કુ. સલોની જયેશકુમાર જોષીએ



એસ.એસ.સી.ની પરીક્ષામાં ૯૯.૧૫ પર્સન્ટાઈલ સાથે ઉત્તિર્ણ થઈને ગાંધીનગરની ભટ્ટ મેવાડા જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

મુળ સાબરકાંઠાના રાયગઢના વતની શ્રી જયેશકુમાર પ્રિયવદન જોષી કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડમાં ફરજ બજાવે છે જયારે કુ. સલોનીના માતૃશ્રી નિમિષાબેન જોષી વિધાનસભામાં ફરજ બજાવે છે જેમની સતત પ્રેરણા અને માર્ગદર્શનથી કુ. સલોની જોષીએ કુલ ૪૫૨ માર્કસ મેળવીને સ્કુલ અને પોતાના સમાજમાં પરિવારનું નામ રોશન કર્યું છે.

# ગુજરાત સ્પોર્ટસ યુનિ મોડલ અન્ય રાજ્ય સ્વીકારી શકે છે

### સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે સંશોધકો માટેના કોર્ષ વર્કનો વિધિવત રીતે પ્રારંભ થયો

ગાંધીનગર, તા.૦૪

સમાજમાં રમતગમત પ્રવૃત્તિઓનું સ્થાન અપ્રતિમ રહ્યું છે ત્યારે સંશોધનોના માધ્યમ દ્વારા રમતગમત ક્ષેત્રે આગવી તકોનું નિર્માણ શક્ય બનશે અને સંશોધનો દ્વારા નિષ્પાદિત થયેલ જ્ઞાનનો લાભ સમાજને મળસે તેવી આશા યુવક, સેવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ ભાગ્યેશ જહાએ વ્યક્ત કરી છે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે તાજેતરમાં શારીરિક શિક્ષણ અને રમતગમત ક્ષેત્રે પ્રવેશ પામેલા ૬૦ જેટલા પીએચડી પ્રોગ્રામમા જોડાયેલા સંશોધકોના કોર્ષવર્કના પ્રારંભ કરતા જહાએ ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા આ પ્રકારની યુનિવર્સિટીની સ્થાપના થાતં ગુજરાત તેમજ અન્ય રાજ્યો માટે રમતગમત ક્ષેત્રે જોડાયેલા અન્ય ક્ષેત્રોને પણ લાભ થશે. જેના કારણે જ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના મોડલને અન્ય રાજ્યો સ્વીકારવા તત્પરતા દર્શાવી છે.

સ્પોર્ટસ યુનિવર્સિટીના કુલપતિ ડો. જતિન સોનીએ પ્રાસંગિત ઉદબોધનમાં જણાવ્યું હતું કે રમતગમત ક્ષેત્ર સાથે જોડાયેલ વિવિધ ક્ષેત્રો જેવા કે, સ્પોર્ટસ જર્નાલિઝમ, સ્પોર્ટસ મેનેજમેન્ટ, એડવેન્ચર સ્પોર્ટસ એડમિનિસિટ્રેશન અને સ્પોર્ટસ કોચીંગ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કક્ષાના તજજ્ઞો તૈયાર કરવામાં આવી યુનિવર્સિટીઓ ચોક્કસ યથાર્થ પુરવાર થશે. પ્રત્યેક ખેલાડી આ ક્ષેત્ર સાથે જોડાયા બાદ શ્રેષ્ઠતા સાબીત કરવા અનેક વર્ષો સુધી તપસ્યા અને પરિક્ષમ કરે છે. અને અંતે સિદ્ધિ પ્રાપ્ત કરે છે. આવી સિદ્ધિ પ્રાપ્ત ખેલાડીઓ દ્વારા રમતગમત ક્ષેત્રે વ્યવસાયી યોગ્યતા પ્રાપ્ત કરી રમતગમત ક્ષેત્રે પોતાનું યોગદાન આપે તેવા કાર્યક્રમોનું પણ આયોજન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# તબીબી, ઈજનેરી ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને સિસિકા સન્માનશે

### સંસ્થાના કાર્યાલયે પ્રમાણપત્રોની નકલો સાથે માહિતી મોકલવી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં સેવાકીય કાર્ય કરતી સંસ્થા સિનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા નગરના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે.

ગાંધીનગરમાં સિસિકા દ્વારા વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવે છે. આ સેવાકીય કાર્યોની સુવાસ ગાંધીનગરના ઘેર ઘેર પહોંચી છે. સંસ્થા દ્વારા દર વર્ષે સાહસ, શૌર્ય, સમર્પણ, શિક્ષણ, રમતગમત અને પ્રમાણિકતા જેવી સિદ્ધિ મેળવી હોય તેવા નાગરિકોનું સન્માન કરવામાં આવે છે.

ત્યારે વર્ષ ૨૦૧૩-૧૪માં શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ સિદ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. બી.ઈ. સિવિલ, એમ.બી.બી.એસ. જેવા ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આગામી જુલાઈ માસની બેઠકમાં સન્માનવામાં આવશે આ ક્ષેત્રે સફળતા મેળવનાર વિદ્યાર્થીઓએ તા. ૨૫ જૂન સુધી આધારભૂત માહિતી પ્રમાણપત્રો સાથે સિસિકાના કાર્યાલય ખાતે મોકલી આપવાના રહેશે.

## અવસાન નોંધ

ગાંધીનગર, તા. ૪

શહેરના સેક્ટર-૨૨ સ્થિત સ્વ. આનંદ સ્વરૂપ કુલશ્રેષ્ઠના પુત્ર યમેન્દ્ર કુલશ્રેષ્ઠનું આકસ્મિક અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણુ તા. ૬ જૂન સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ વાગે ઝુલેલાલ સાઈબાબા મંદિર સેક્ટર-૩૦ ખાતે રાખવામાં આવેલ છે.

# સ્વતંત્રતા દિવસની ઉજવણી પાટણમાં કરવા માટે નિર્ણય

ગાંધીનગર, તા.૦૪

મુખ્યમંત્રી આનંદીબેન પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ મંત્રી સ્વર્ગસ્થ ગોપીનાથ મુન્ડેના માર્ગ અકસ્માતમાં થયેલા દુઃખદ અવસાન અંગે શ્રધ્ધાજંલિ પાઠવી સદગતના માનમાં બે મિનીટનું મૌન પાળવામાં આવ્યું હતું.

રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ત્રણ લોકહીત નિર્ણયો પણ લેવામાં આવ્યા હતા તેની ભૂમિકા રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી નીતિન પટેલ અને નાણાં મંત્રી સૌરભ પટેલે આપી હતી. પ્રવક્તા મંત્રીઓએ જણાવ્યું કે રાષ્ટ્રીય પર્વોની ઉજવણી જનભાગીદારીથી પ્રજાવર્ગો વચ્ચે જઈને કરવાની જે પરંપરા ગુજરાતમાં શરૂ થઈ છે તેની શ્રૃંખલામાં આગામી સ્વાતંત્ર્ય પર્વ ૧૫ ઓગસ્ટ ૨૦૧૪ની રાજ્યકક્ષાની ઉજવણી પાટણ ખાતે કરવામાં આવશે. સ્વાતંત્ર્ય પર્વ અને પ્રજાસત્તાક પર્વની જિલ્લા તાલુકા કક્ષાની ઉમંગ ઉજવણીમાં પણ હવે નવો અભિગમ અપનાવશે. તદઅનુસાર હવેથી આ રાષ્ટ્રીય પર્વોની ઉજવણી માત્ર તાલુકા મથકોના જ દાયરા સુધી સિમીત ન રાખતા સંબંધિત તાલુકાના મોટા ગામોમાં આ ઉજવણી તબક્કાવાર હાથ ધરાશે તેમ પ્રવક્તા મંત્રીઓએ રાજ્ય મંત્રીમંડળની બેઠકના નિર્ણયોની જાણકારી આપતા જણાવ્યું હતું.

નીતિન પટેલ અને સૌરભ પટેલે જણાવ્યું કે રાજ્ય મંત્રીમંડળની આજની બેઠકમાં એવો પણ નિર્ણય કરવામાં આવ્યો છે કે સામાન્ય જનતા અને નાગરીકોના સ્થાનિક પ્રશાસન સાથેના નાના-મોટા પ્રશ્નોના જિલ્લા તાલુકા મથકો ઉપર નિવારણ સમસ્યાના સમાધાનની પારદર્શી અને પ્રજાસ્પર્શી વહીવટની ગુજરાતની કાર્યસંસ્કૃતિમાં નવો રાહ અપનાવી મંત્રીઓ જિલ્લા તાલુકા કક્ષાએ નાગરીકો વચ્ચે જઈને ઉચ્ચકક્ષાના અધિકારીઓની ઉપસ્થિતિમાં સમસ્યાના નિરાકરણ માટે જિલ્લા તાલુકાની નિયમિત મુલાકાત લેશે અને પ્રજા સાથે સતત લોકસંવાદ સેતુ રચશે.

# પ્રત્યેક શિક્ષકમન શિક્ષણમય બને : મુખ્યમંત્રીનો અભિપ્રાય

ગાંધીનગર, તા.૦૪

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સેટેલાઈટ કોમ્યુનિકેશનના માધ્યમથી રાજ્યના ૧.૯૫ લાખ જેટલા પ્રાથમિક શિક્ષકોના આજથી ગુજરાતમાં શરૂ થયેલા સેવાકાલીન શિક્ષક તાલીમ કાર્યશિબિરમાં પ્રેરણાદાયી આહવાન કરતા જણાવ્યું હતું કે પ્રત્યેક શિક્ષકમન શિક્ષણમય બને.

સર્વશિક્ષા અભિયાન અને શિક્ષણ વિભાગના ઉપક્રમે આજથી ગુજરાતના ૧.૯૫ લાખ જેટલા પ્રાથમિક શિક્ષકોનો તાલીમ કાર્યક્રમ ૪૨૬૮ સીઆરસી જેટલા તાલીમ કેન્દ્રોમાં શરૂ થયો છે. મુખ્યમંત્રીએ ઉત્તમ શિક્ષક અને ઉત્તમ શાળાનું ગૌરવ મેળવવા માટે પ્રેરક માર્ગદર્શન આજે સચિવાલયના સ્વર્ણિત સંકુલમાંથી બાયસેગના સેટેલાઈટ સંપર્ક માધ્યમથી આ શિક્ષક સમુદાયને આપ્યું હતું. નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભ પૂર્વે બાયગેસ ઉપગ્રહ શિણ તાલીમનો આ અભ્યાસ શિબિર સેવાકાલીન શિક્ષકોને નવા વર્ષમાં નવા વિચારો, નવા ઉંમગ અને નવી ઉર્જા સાથે બાળકોના ઘડવૈયાનું દાયિત્વ નિભાવવાનું ચાલકબળ બનશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. એક કલાક સુધી શિક્ષકો સાથે સંવાદ કરીને શિક્ષક માટે પણ નિરંતર શૈક્ષમિક આયામોના નવા વિચારો, નવી જિજ્ઞાસા પ્રેરતી તાલીમનું મહત્વ સમજાવતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગુજરાતના એકેએક બાળકના ભવિષ્યને મુલ્યવાન સમજીને શિક્ષક પોતાનું દાયિત્વ નિભાવે તો પ્રત્યેક પ્રાથમિક શાળા "એ" ગ્રેડની બની જશે. ગુજરાતમાં પ્રાથમિક શિક્ષમની ઉત્તમ ભૌતિક સુવિધા અને સંસાધનો સરકારે આપ્યા છે ત્યારે શાળાનું વાતાવરણ, શિક્ષણ અને ગુણવત્તા ઉત્તમ બને તેવી તંદુરસ્ત સ્પર્ધા શાળાઓ વચ્ચે તેવું પ્રેરક આહવાન તેમણે કર્યું હતું. વિદ્યાના મંદિરમાં બાળકની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં સિક્ષકને પણ જીવનની સાર્થકતાનો આનંદ આવશે તેના પ્રેરણાદાયી અનુભવોના દ્રષ્ટાંતો આપતા આનંદીબેન પટેલે જણાવ્યું કે શિક્ષણ માટે બાળમનના ઘડતર, ભણતર અને ગણતરના નીતનવા આયામો રોજીદી શૈક્ષણિક પ્રવૃત્તિમાથી નિપજવા જોઈએ.

## વિક્રમી ગરમી

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી એથી ઘરમાં રહેવુ મુશ્કેલ હતુ પરંતુ બહાર સૂર્યદેવતા અગનગોળા વરસાવી રહ્યા હતા અને પવનદેવ પણ અદશ્ય હતા. આ પરિસ્થિતિમાં લોકો જવુ તો ક્યાં જવુ તેવી હાલતમાં આવી ગયા હતા. જે લોકો એસી ધરાવે છે તેવા લોકોએ તેમના એરકન્ડીશન મશીન પણ આજે ગરમીને રોકવા અસમર્થ હોય તેવુ લાગી રહ્યું હતું. ભરબપોરે શહેરના તમામ માર્ગો સુમસામ બની ગયા હતા. મુસાફરો પણ આ આકરી ગરમીમાં લીંબુ શરબત અને શેરડીના રસના કોલે ઠંડક મેળવવા પ્રયત્નો કરી રહ્યા હતા. એકંદરે આજની ગરમીએ નગરજનોની હાલત સંપૂર્ણપણે પીંખાયેલા કબૂતર જેવી કરી મુકી હતી.

## કાર્ડ રદ કરવા વિચારણા

● અનુસંધાન પહેલાનું ચાલુ

થયેલા સભ્યોને પણ બીપીએલના જ લાભો મળી રહે તે પણ જોવાશે.

શ્રી મોરીએ જણાવ્યુ હતુ કે વિધવા અને અશક્ત વ્યક્તીઓને પણ તેમના હક્કનું અનાજ મળે તેના વિકલ્પો વિચારાયા છે અને ટુંકમાં જ તેની જાહેરાત થશે. રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે દુકાન સંપાદક દ્વારા જથ્થો મેળવવા માટે નાણાં બેંકમાં ભર્યાનું ચલણ રજુ કરતાં જ જથ્થો તેની દુકાને પહોંચે તેમજ ગામમાં વીસ થી પચ્ચીસ આગેવાનોને તેની જાણ થાય તેવી વ્યવસ્થા ઉભી કરવા માટેની વિચારણા અને કવાયત ચાલી રહી છે. સસ્તા અનાજની દુકાનોને કોમ્પ્યુટર નેટવર્કથી સાંકળવામાં આવશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર અને મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા. પ્રારંભમાં જિલ્લા પુરવઠા અધિકારી નિશાબેન શર્માએ સૌ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

આ લોકદરબારમાં કેરોસીનના ફેરિયાઓ દ્વારા ઓછો જથ્થો અપાતો હોવાની ફરિયાદ રજુ થઈ હતી જેની તપાસ કરી અહેવાલ આપવા મંત્રીશ્રીએ જણાવ્યું હતું. આ ઉપરાંત નેટવર્ક ધીમી ગતિએ ચાલતુ હોવાની તેમજ ઘણી બધીવાર પકડાતુ નહિ હોવાની રજુઆતો પણ થઈ હતી તે અંગે કંપનીઓ સાથે તંત્રના અધિકારીઓને બેઠક યોજવા મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ લોકદરબારને સફળ બનાવવા માટે પુરવઠા અધિકારીની કચેરીના શ્રી રમેશભાઈ ભાવસાર, શ્રી જીતુભાઈ, શ્રી રમેશભાઈ પરમાર, હેમાબેન જોશી, શ્રી એમ.ડી. પટેલ, શ્રી મામલતદાર ગાંધીનગર, દહેગામ, કલોલ અને માણસાએ ભારે જહેમત ઉઠાવી હતી.

## સ્મૃતિ ઈરાની

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લા શિક્ષણ સમિતિના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કેન્દ્રના શિક્ષણ રાજયમંત્રી સ્મૃતિ ઈરાનીનો કાર્યક્રમ ૧૩ મી જૂને નિશ્ચિત થઈ ચુકયો છે. જો કે તેમનો વિગતવાર કાર્યક્રમ એકાદ-બે દિવસમાં આખરી થશે.

આ ઉપરાંત રાજયમંત્રી મંડળના શ્રી સૌરભભાઈ પટેલ, રાજયમંત્રી વસુબેન ત્રિવેદી ત્રીજા નાણાં પચના શ્રી ભરતભાઈ ગરીવાલા સહિત પાંચથી વધુ પદાધિકારીઓ પ્રવેશોત્સવમાં જોડાવાના હોઈ તેમના વિગતવાર કાર્યક્રમોને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

જિલ્લામાં ૧૨,૫૦૦ જેટલા બાળકો પ્રવેશપાત્ર છે. આ ઉપરાંત પાંચ હજારથી વધુ બાળકો આંગણવાડી માટે પ્રવેશપાત્ર છે તેને પ્રવેશોત્સવમાં સામેલ કરાશે. જિલ્લામાં પ્રવેશોત્સવ માટે ૩૨ જેટલા રૂટ તૈયાર કરવામાં આવ્યા છે. એક રૂટ પર દૈનિક પાંચ ગામને આવરી લેવાનું આયોજન છે.

આજે રાજયના પ્રાથમિક શિક્ષણ સચિવશ્રી તિવારીએ અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી અને ચાલી રહેલી તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

જિલ્લાની ૬૨૭ જેટલી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવ યોજાશે. આ પ્રવેશોત્સવ માટે એક કલાક જેટલો કાર્યક્રમ નિયત કરાયો છે. જેમાં શાળાના તેજસ્વી બાળકોના સન્માન તેમજ બાળકો દ્વારા જ સમગ્ર કાર્યક્રમનું સંચાલન થાય તેવી બાબતો પણ વિચારણામાં લેવામાં આવી છે.

## જેસીબી કેનાલમાં ખાબક્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઝાડીઝાંખરા વાળા રસ્તાની સફાઈ માટે એક જેસીબી મશીન કામે લાગ્યું હતું. પરંતુ આ કામગીરી દરમ્યાન અચાનક જ કોઈ રીતે જેસીબી મશીન ડ્રાઈવર સાથે કેનાલમાં ખાબક્યું હતું. આ ઘટના મામલે સિક્યુરીટીને જાણ થતા કેનાલમાં તરવૈયાઓની ટીમ શોધખોળ માટે કામે લગાડવામાં આવી હતી. આ દરમ્યાન કેનાલમાં ડૂબકી લગાવતા તરવૈયાઓને પાણીમાં ડે જેસીબી મશીન ગરકાવ થયું હોવાનું દેખાયું હતું. બીજી તરફ જેસીબી મશીનના ડ્રાઈવરની કોઈ ભાળ મળી ન હતી. આખરે સમગ્ર મામલા અંગે ડભોડા પોલીસને જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.પોલીસે કેનાલમાં ગરકાવ થયેલા જેસીબી મશીનને બહાર કાઢવા ક્રેઈન મંગાવી હતી. જો કે મોડી સાંજ સુધી આ કામગીરી ચાલી હતી પરંતુ જેસીબી મશીન કેનાલની બહાર નીકળ્યું ન હતું. બીજી તરફ મશીન સાથે કેનાલમાં ખાબકેલા ડ્રાઈવરનો પણ પત્તો મળ્યો ન હતો.

## યોજનાનું સુરસુરિયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ


મળે છે. થોડા સમય અગાઉ તંત્ર દ્વારા ઉદ્યાનને અનુલક્ષી જરૂરી લાઈટનું કામ પણ હાથ ધરવામાં આવ્યું હતું. સહેલાણીઓમાં આગવું આકર્ષણ ધરાવતા સરિતા ઉદ્યાનમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદથી પણ રોજબરોજ મુલાકાતીઓ આવતા હોય છે. આવા સંજોગોમાં હાલ સરિતા ઉદ્યાનમાં સ્થિત કાફેટેરિયા બંધ હાલતમાં હોવાથી સહેલાણીઓને ખાણીપીણીની જરૂરી ચીજ-વસ્તુઓ ઉપલબ્ધ થતી નથી. અગાઉ સરિતા ઉદ્યાનમાં આ કાફેટેરિયા ધમધમતું હતું. પરંતુ કોઈ કારણોસર કાફેટેરિયા બંધ થઈ જતા તંત્રએ લાંબા સમયના અંતે ભાડાપેટે આપવાની યોજના વિચારી હતી. આ અંગે વિભાગ કક્ષાએથી ત્રણ-ત્રણ વાર ટેન્ડર -ક્રિયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ આ મામલે એકપણ એજન્સીએ કાફેટેરિયા ભાડેથી ચલાવવામાં રસ ન લીધો હોવાનું પણ ધ્યાને આવ્યું છે. ભાડા પેટે ફાળવવાની આ યોજના અન્વયે માસિક રૂ.૧ લાખનું તોતિંગ ભાડું તેમજ ઢગલાબંધ આકરી શરતોનું પાલન કરવું પડે તેમ હોવાથી આ યોજનાનું સુરસુરિયું થઈ ગયું છે.

## મેગા વોટનો વધારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એરકન્ડીશનની ખરીદીનું પ્રમાણ પણ વધી ગયુંછે. મોટા ભાગના ઘરોમાં એસી ઓન જોવા મળે છે. શહેરમાં આડા દિવસોમાં ૫૨ થી ૫૫ મેગા વોલ્ટ વીજ વપરાશ રહે છે જયારે ઉનાળામાં વીજળીનો ઉપયોગ વધતા ૬૬ મેગા વોલ્ટ સુધી વપરાશ થાય છે પરંતુ આ વખતે આ તમામ અનુમાનો ખોટા પડયા છે. અલબત્ત ગરમીએ આકરો મિજાજ દાખવતા વીજવપરાશનું પ્રમાણ પણ ૧ મેગા વોલ્ટ વધી ગયું છે. અલબત્ત ૬૭ મેગા વોલ્ટ જરુરિયાત સામે માત્ર ૬૬ એમ.વી. વીજપ્રવાહ સપ્લાય તથા લોડ વધવાથી વીજળીના ધાંધિયાની સમસ્યા ઉદભવી હોવાનું ઈલેકટ્રીક વિભાગના તજજ્ઞો માની રહ્યા છે. આ ઉપરાંત જરુરી કેબલો બદલવાનું કામ પણ બાકી છે. વીજકંપની કક્ષાએથી ગાંધીનગરને પૂરતો વીજપુરવઠો સપ્લાય ન થતા સમગ્ર શહેરમાં લાઈટસ કટ ઓફ થવાની સમસ્યાએ ભરડો લીધો છે. જો કે કંપનીના આ આંતરિક પ્રશ્નના લીધે કાળઝાળ ગરમીમાં નગરજનોએ તગડું વીજબીલ ચુકવીને પણ ગરમીમાં શેકાવું પડે છે.

## શબ્દાવલી - ૫૪૦૯



**આડી ચાવી**

૧. પહેરણ, ઝભ્ભો (૪)
૬. બટન... માં પરોવાય (૨)
૭. ગેલેરી, અગાશી (૩)
૮. આનંદ, હરખ (૨)
૯. આડખીલી, નડતર (૩)
૧૦. પત્ર (હિન્દીમાં) (૨)
૧૨. દુનિયા, જગ (૩)
૧૩. કરનું ભારણ (૪)
૧૪. સાંજના ભોજનને અંગ્રેજીમાં... કહેવાય (૩)
૧૬. રટણ, જીદ્દ (૨)
૧૭. સડવું (૨)
૧૮. નકામા કપડાં (૨)
૨૦. આપ, લાવ (૨)
૨૧. ઝાંઝર (૩)

**ઊભી ચાવી**

૧. સળગતો કોલસો (૩)
૨. હાથી, ઐરાવત (૨)
૩. ચેર, ટેબલ... (૩)
૪. દેવની આરતી લેવી તે (૩)
૫. સાંબેલાની ધાર જેવો ધોધમાર (૫)
૮. વરસાદની પોચી જમીનમાં રમાતી એક રમત (૪)
૧૦. ખરલ (૪)
૧૧. કચરો જયાં નંખાય તે જગ્યા (૪)
૧૨. આચરવું તે (૪)
૧૫. વંશ, ગોત્ર (૩)
૧૮. ગૌ, ગૌમાતા (૨)
૧૯. કપાળ, લલાટ (૨)

### શબ્દાવલી ૫૪૦૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) આવડતું (૪) ગારૂડી (૬) ડર (૭) કપ (૮) ખીસકોલી (૧૦) વણાટ (૧૨) લફરૂ (૧૫) ક્ષત્રિય (૧૮) અંતાક્ષરી (૧૯) કમર (૨૧) પરમાટ (૨૨) થનગનાટ (૨૩) જણ

**ઊભી ચાવી :-** (૧) આડખીલી (૨) વરસ (૩) તકલીફ (૫) રૂસણા (૯) કોલ (૧૧) ટકો (૧૩) રૂક્ષ (૧૪) ગુતાલન (૧૬) ત્રિકમ (૧૭) યમરાજ (૨૦) રટણ (૨૧) પટ


**મહેસૂલ વિભાગ**
બ્લોક નં.૧૧, ૫મો માળ, સરદાર ભવન, ગાંધીનગર
જાહેરાત ક્રમાંક : ૦૧/૨૦૧૪-૧૫

**કાયદા અધિકારી (વર્ગ-૧)ની કરાર આધારિત જગ્યાની ભરતી**

બ્લોક નં. ૧૧, ૫મો માળ, સરદાર ભવન, ગાંધીનગર જાહેરાત ક્રમાંક : ૧/૨૦૧૪-૧૫ કાયદા અધિકારીની જગ્યા કરાર આધારિત ધોરણે ભરવા માટે ઈચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમુનામાં અરજી મંગાવવામાં આવે છે

| જગ્યાનું નામ | કુલ જગ્યા | વય મર્યાદા | પગાર અને ભથ્થા | લાયકાત અને અનુભવ |
|---|---|---|---|---|
| કાયદા અધિકારી | ૦૨ | ૩૫ થી ૪૫ વર્ષ | ૨૦,૦૦૦/- માસિક એકત્રિત | (૧) માન્ય યુનિવર્સિટીની કાયદાના સ્નાતકની પદવી (૨) વકીલાતની કામગીરીનો લઘુત્મ ૧૦ વર્ષનો અનુભવ (૩) જમીન મહેસૂલના કાયદાના જાણકાર |

અન્ય વિગતો :
(૧) જગ્યાની ફરજો તથા વ્યક્તિના અનુભવને ધ્યાને લેતાં વય મર્યાદામાં છુટછાટ આપી શકાશે.
(૨) ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષા પરનું પ્રભુત્વ ઈચ્છનીય.
(૩) બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં ઈહક્ષિદ્વીહં હોવું ફરજીયાત.
(૪) અરજી પત્રકનો નમૂનો તથા કરારની શરતો અને બોલીઓ મહેસૂલ વિભાગની વેબસાઈટ http://revenuedepartment.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.
(૫) અરજીપત્રક સાથે 'ઉપસચિવ' મહેસૂલ વિભાગ, ગાંધીનગરના નામનો રૂ. ૧૦૦/-નો Demad Draft મોકલવાનો રહેશે.
(૬) સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી પ્રમાણપત્રોની નકલ સાથે જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦માં 'નાયબ સચિવશ્રી (મહેકમ), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નામે રજીસ્ટર પોસ્ટથી મોકલી આપવાની રહેશે.
માહિતી/૨૬૪/૧૪-૧૫



**ટચૂકડી જાહેર ખબર**

**Teacher/આયાબેન**
સે.૧માં આવેલ પ્લે-સ્કૂલ માટે અંગ્રેજીમાં ભણાવી શકે તેવા Teacher તથા બાળકોની સંભાળ માટે આયાબેન જોઈએ છે.
ફોન : ૯૮૨૫૨ ૭૧૮૧૯
ફોન : ૯૭૧૨૬ ૫૧૪૯૯

**ટ્યુશન માટે (સે.૧માં)**
ધો. ૫ થી ૯ સુધી ગુજરાતી / અંગ્રેજી માધ્યમ GSEB બોર્ડના વિદ્યાર્થીઓ માટે અલાયદા ટ્યુશનની સોનેરી તક
૯૮૨૫૩ ૭૧૮૧૯
૯૭૧૨૬ ૫૧૪૯૯